Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું ] [ અંક ૧૨ મો

આશ્વિન

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું
અંક ૧૨ મો
આશ્વિન
વીર સં. ૨૪૭૮
વિ. સં. ૨૦૦૮

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન... | ... ( મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ ) | ૨૫૧ |
| ૨ | શ્રી નવપદ-ભક્તિસુધા ... | ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૫૨ |
| ૩ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન | ... ... ( મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી ) | ૨૫૩ |
| ૪ | અનુકંપા ... ... | ... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨૫૪ |
| ૫ | ગૃહલક્ષ્મી-ધર્મીષ્ઠા : ૨ :... | ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૨૫૭ |
| ૬ | પરમાત્મદર્શનની કળા ... | ... (શ્રી વસંતલાલ કાંતિલાલ B. A. ) | ૨૬૧ |
| ૭ | ઉત્કૃષ્ટતાનાં ઉદાહરણો ... | ... (શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા ) | ૨૬૨ |
| ૮ | વ્યવહાર કૌશલ્ય (૩૦૮) ... | ... ... ... ( સ્વ. મૌક્તિક ) | ૨૬૮ |
| ૯ | પુસ્તકોની પહોંચ ... | ... ... ... ... ... | ૨૬૯ |
| ૧૦ | વાર્ષિક અનુક્રમણિકા ... | ... ... ... ... ... | ૨૭૧ |



## નવપદના આરાધન માટે

### શ્રી સિદ્ધચક્ર સ્વરૂપદર્શન [ સચિત્ર ]

આ પુસ્તકમાં નવે દિવસની વિધિ, નવે પદનું વિસ્તૃત વિવેચન, શ્રી સિદ્ધચક્ર-યંત્રોદ્ધાર પૂજાવિધાન વિગેરે ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે; છતાં મૂલ્ય માત્ર આઠ આના.

### શ્રી સિદ્ધચક્ર નવપદ-આરાધનવિધિ [ સચિત્ર ]

ખંડ ( ૧-૨-૩ )

નવે પદોનું સુંદર સ્વરૂપ, નિત્ય ક્રિયાવિધિ, ચોસઠ પ્રકારી પૂજા, નવપદજીની બંને પૂજા, સત્તરભેદી પૂજા, નવપદજીના સ્તવનો, સ્તુતિઓ, ચૈત્યવંદનો, થોયો, સિદ્ધચક્રયંત્રોદ્ધાર પૂજાવિધાનની સમજ વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ છતાં મૂલ્ય માત્ર રૂપિયા અઢી.

લખો : શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૮ મું. અંક ૧૨ મો | : આસો : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

# શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવન

( ધન દિન વેળા ધન ઘડી તેહ—એ દેશી. )

ચન્દ્રપ્રભ જિન આદર્યો દેવ, સાચો મેં જુગતે જિનવર જોઈનેજી;
લઈએ તે વસ્તુ પરખી રે દેવ, અમ કુળ-રીતિ એહ વિલોકીએજી. ૧

સાચે રે નામે વસ્તુ અનેક, દીસે તે જગમાં જીવતી ઘર ઘરેજી;
વિણ પરખે કિમ લહીએ રે છેક, મૂર્ખની રીતિ સમજુ ન આદરેજી. ૨

તાહરા ઘરમાં ભાખ્યું તેં સુત્ત, પરખી પરખીને વસ્તુ આદરોજી;
કષ-છેદ-તાપ પરખણુ રીત, શુદ્ધ વસ્તુએ આતમ ઘર ભરોજી. ૩

વસ્તુશુદ્ધતા પર જસ નેહ, પરખણુ બુદ્ધિ તે તસ ઘર આવતીજી;
પરખણુ બુદ્ધિનો કંતડો જેહ, પરખણુ રીતિ તે તેહશું રસ રમીજી. ૪

થોડી રે ઝાઝી પરખણુ બુદ્ધિ, રાખી તે રહેતી **આતમ** બળ ધરીજી;
રાખે રે **રુચક** એ મનહરણી, ભાણે રે જમીએ જિમ નિત રસવતીજી. ૫

—મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદ-ભક્તિસુધા

( કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ )

( શિખરિણી )

નમોઽર્હંત્ શ્રી વીર પ્રભુવરતણા પાદકમલે,
સુધારૂપી વાણી ત્રિપદ ફલરૂપે સહુ મળે;
હર્યાં જેથી દુઃખો બહુ મનુજના સંસ્કૃતિતણા,
વર્યાં મુક્તિ નારી કેઈક મુનિરાજો જન ઘણા. ૧

દયાના જે સિંધુ નિજ ભવ અનંતા પરિહરી,
થયા આત્મારૂપે પરમપદધામી શુભકરી;
ભલા માર્ગો દાખ્યા ભવિક જનને જે નિજ કરે,
નમો તે સિદ્ધોને જસ ચરણ-પદ્મો ભવ હરે. ૨

ખરા માર્ગો દાખે ગુરુપદ ધરે સર્વવિરતિ,
સદા જે શોભાવે ગણધરરસા શાંતિ સુમતિ;
વળી દાખે માર્ગો મુનિજનતણા ધર્મપદને,
નમું ભાવે એવા શુચિ વિરલ આચાર્યપદને. ૩

ભણાવે જે વિદ્યા ગણધરતણી ભાષિત મુદા,
સદા પાઠો આપે મુનિજનતણે સર્વ સુખદા;
અહો ટાળે પ્રેમે મુનિજનતણા સંશય મુદે,
સદા બોધે ધર્મો નમન મુજ તે પાઠકપદે. ૪

અહો જેના ચિત્તે વિમલતર છે સંયમ રતિ,
ગણે ચિત્તે મોટી ભયવિકલ જે સંસ્કૃતિ-રતિ;
વરે ચિત્તે શાંતિ પ્રમુદિત તપે દ્વાદશ તપો,
નમો યોગીંદ્રોને મુનિપદ ધરે જે મન જપો. ૫

જિનેંદ્રે ભાખેલા સમુચિત સુધર્મે રતિ રહે,
ગણે બીજા ધર્મો અનુચિત નિજાત્મા પ્રતિ કહે;
ખરી ધારે શ્રદ્ધા શુચિતર ખરા દર્શન ગણે,
નમૂં તેવા પાદે તનમનથકી જે ગુરુ ભણે. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખરા ભેદો દાખે અનુચિત અને જે ઉચિતના,
પ્રકાશે છે ચિત્ત પ્રચુર અજવાળે સુમતિના;
વદે ગ્રાહ્યાગ્રાહ્યોચિત ચરણના ભેદપદને,
અહો આત્મા નાત્મા પ્રકટિત નમો જ્ઞાનપદને. ૭

ખરા શાસ્ત્રો ભાખ્યા સમુચિત સદાચાર ગુરુએ,
સદા પાળે ભાવે ઉચિત સહુ કાળે સરલ જે;
પ્રભાવે પામ્યા છે મુનિજન ઘણા મુક્તિપદને,
નમું ભાવે ભેટું જિનકથિત ચારિત્રપદને. ૮

તપે દોષો બાળે હરખભર વીરોચિત મને,
કરે અંતઃશુદ્ધિ પ્રખર દમતા ઇંદ્રિયતણે;
સહુ બાળી કર્મો કનક સમ આત્મા શુચિ કરે,
નમો આત્માકેરા તપ પદતણે જે તમ હરે. ૯

કરી ભક્તિ પ્રેમે નવપદતણી અલ્પમતિથી,
રચ્યા વર્ણો બાલોચિત શુભ ગણી ધર્મરતિથી;
અહો વાત્સલ્યેથી ગુરુજનતણી ચિત્તહરિણી,
થજો બાલેંદુની સરલ જિનભક્તિ શિખરિણી. ૧૦

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

( આ તો લાખેણી આંગી કહેવાય—એ દેશી. )

આ તો મૂર્તિ મનોહર દેખાય, શોભે પાર્શ્વજિનજી;
શુદ્ધ પ્રેમથી ભક્તિ વહાય, શોભે પાર્શ્વજિનજી.

આ તો શંખેશ્વર પાર્શ્વ કહાય..................
પ્રભુ પાર્શ્વના દર્શનથી પ્રેમ વધે, મૂર્તિ દેખીને હૃદયમાં ભક્તિ જગે;
જેની ભક્તિથી નિરમલ થવાય.............. ૧

એ તો પ્રાચીન તીર્થ શંખેશ્વર ગણાય, દેશ દેશમાં તેની પ્રસિદ્ધિએ થાય;
નેમિ-દર્શનથી આનંદ છવાય.............. ૨

શુદ્ધ સમકિતની તુમે ઇચ્છા કરો, આવા દુષ્ટ કર્મોને જીતી લીઓ;
પામો વિદ્યાનો આનંદ અપાર............... ૩

—મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુકંપા

( લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

અનુકંપા શબ્દમાં બે અવયવો છે. અનુ અને કંપા. અનુસરતું કંપન એટલે એક જગ્યા ઉપર જે કંપન, સ્પંદન અગર આંદોલન થાય છે તેના પરિણામરૂપે બીજી જગે કંપન થાય, તેનો પડઘો પડે તે અનુકંપા. એક જગ્યા ઉપર નાનો કે મોટો ધ્વનિ થાય છે તેનો પ્રતિધ્વનિ બીજી જગ્યા ઉપર થાય છે. આવા આંદોલનોથી આ આખું વિશ્વ પૂર્ણ ભરાઇ ગએલું છે. બધું જગત આવા સ્પંદનો, આંદોલનો, પ્રતિધ્વનિઓ અને સ્વરો અનંત રૂપમાં નિત્ય અને એક ક્ષણમાત્રના વિસામા વિના ચાલી રહેલું છે, એનાથી જ ભરેલું છે એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી. આખું આકાશ સ્પંદન અને કંપનોનું જ ભરેલું છે. એક જીવ કરુણ ક્રંદન કરે છે ત્યારે અન્ય જીવના શરીરમાં અને મનમાં તેના આંદોલનો થવાથી તેને રુદન સ્ફુરી આવે છે. એક જીવ આનંદથી નાચે છે ત્યારે બીજો જીવ તેવી જ સંવેદના અનુભવે છે.

એક ઓરડામાં અનેક વીણાઓ એક જ સ્વરમાં બરાબર મેળવી મૂકવામાં આવે અને પછી વાદક વચમાં બેસી વીણા વગાડે ત્યારે વાદ્ય વગાડનાર જે જે સ્વરોના ધ્વનિ ઉપજાવે તેવા જ બરાબર ધ્વનિ દરેક વીણા સ્વયં સ્ફૂર્તિથી ઉપજાવે છે. જાણે બધા જ સજીવ થઇ સ્વરમેલન કરી સામૂહિક સ્વરાલાપ ઉચરે છે, એ અનુભવસિદ્ધ વસ્તુ છે. કોઇ ઇચ્છે તો એ પ્રયોગ સ્વયં કરીને અનુભવ લઇ શકે છે. એક નિર્જીવ વસ્તુ પણ સહકંપન અનુભવે છે, અનુકંપા દાખવી શકે છે ત્યારે પાંચ મહાભૂતાત્મક પંચેંદ્રિયધારી માનવ અનુકંપા અનુભવે એ સ્વાભાવિક છે.

જ્યારે વીણાનું સહાનુકંપન વીણા જ ઝીલે છે. અને તે જ ઓરડામાં રહેલ ખુરસી અને કબાટ કે એકાદ પાષાણ એ સ્પંદન ઝીલતા દેખાતા નથી એનું કારણ શું ? એવો પ્રશ્ન કદાચિત્ કોઇ કરે. તેના જવાબમાં કહેવું જોઇએ કે—સ્પંદન કે કંપ ગ્રહણ કરવાની એ વસ્તુઓની શક્તિ તદ્દન ઓછી જ હોય છે. કંપની એ વસ્તુઓ ઉપર અસર થતી જ નથી એમ નથી. એકાદ અકસ્માત્ થાય, તે જોનારા ચાર મનુષ્યો હોય ત્યારે આપણે જોઇએ છીએ કે દરેક મનુષ્ય ઉપર જુદી જુદી અસર થાય છે. એક માણસ તરતજ દોડી જઇ ઘટતી મદદ પહોંચાડે છે. બીજો પોતે ધ્રુજતો રોવા બેસે છે. અને બીજાઓને મદદ માટે બોલાવવાનો પ્રયત્ન કરે છે. ત્રીજો અરેરે! ખોટું થયું કરી લાંબેથી ફક્ત તમાસો જ જુએ છે. જ્યારે ચોથો ત્યાંથી દૂર ખસી જઇ પોતાના બચાવનો માર્ગ શોધે છે. એ ચારે દાખલાઓમાં દરેક ઉપર અનુકંપા કે સહાનુભૂતિની અસર તો થાય છે જ; પણ દરેક માનવનો ક્ષયોપશમજનિત વિકાસ વધારે ઓછો થએલો હોવાને લીધે પરિણામ જુદું જુદું જણાય છે. દરેકે પોતાનું સ્થાન ક્યાં છે તે સ્વયં શોધી લેવાનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જે જીવોને અનુકંપાનો ઊંડો સાક્ષાત્કાર થાય છે અને થોડી પણ વેદના તે અનુભવે છે ત્યારે તેટલા પ્રમાણમાં તે બંધનમાં પોતાને મૂકી દે છે. પોતાની હીલચાલથી બીજા જીવોને કંપ કે ધ્રુજારી છૂટે છે એવો જેને અનુભવ થાય તે પોતાની હીલચાલો ઉપર કાપ મૂકે છે. અને પોતાનું કાર્ય કરતી વેળા એના પરિણામો બીજા જીવોને દુઃખદાયક નહીં થાય તેની કાળજી રાખે છે. મતલબ કે એ અમુક જાતના વ્રત-નિયમો ગ્રહણ કરે છે.

જે ધર્મમાં જૈન ધર્મ જેટલો જીવસૃષ્ટિનો સૂક્ષ્મ અને મૂલગ્રાહી વિચાર કરેલો હોતો નથી તેઓ પણ પોતાની પરોપકારી અર્થાત્ અન્ય જીવોને દુઃખ આપનારી હીલચાલો ઉપર કાપ મૂકે છે જ. અર્થાત્ અનુકંપનનો અનુભવ અને તેના પરિણામો વિષે દરેક ધર્મ પોતાની શક્તિ મુજબ કરે છેજ. જે ધર્મના લોકો જીવહિંસામાં મોટું પાપ માનતાં દેખાતા નથી તેઓ પણ અમુક દિવસો માટે એવું જીવહિંસાનું કાર્ય કરવાનું દૂષણીય સમજે છે. એટલે હિંસા એ પુણ્ય અગર ભલું કામ છે એવું કોઈપણ ધર્મશાસ્ત્રો માનતા નથી જ.

મનુષ્ય, તિર્યંચ, પશુ-પક્ષીઓમાં બધા જ જીવો માને છે અને સમવેદના અનુભવે છે. અને તેમના રક્ષણ પાલનનો ઉપદેશ આપે છે. માત્ર અજ્ઞાનજન્ય ઈંદ્રિય-લોલુપતાને લીધે તેમાં તરતમભાવ જોડી દઈ હિંસા જેવા નીચ કાર્યો આદરે છે. તેમની અનુકંપા સ્તિમિત કે બૂઠી થઈ ગએલી હોય છે. તેમનામાં અન્ય જીવોના કંપનો કે સ્પંદનનો સાક્ષાત્કાર થવા છતાં પણ તેઓ બેદરકારીથી તેઓના હૃદય સુધી તે પહોંચવા દેતા નથી. હિંસક માનવો માટે જેટલું એ સત્ય છે તેટલું જ પોતાને દયાધર્મી અને અહિંસક મનાવનારાઓ માટે પણ સત્ય નિવડે છે. એકાદ પ્રતિષ્ઠિત અને આચારધર્મી ગૃહસ્થનો જ આપણે દાખલો લઈએ. વ્યાપારમાં કે સાંસારિક અનેક જાતની ખટપટમાં પોતાના જ એકાદ બંધુને કાંઈ આપત્તિ પેદા થઈ હોય તેની અડચણનો અગર અજ્ઞાનનો લાભ લઈ તેના દુઃખનો ખ્યાલ પણ નહીં કરતા પોતાના જ સ્વાર્થને મુખ્ય કરી તેનો અણઘટતો લાભ લેવામાં જ્યારે એ પ્રતિષ્ઠિત ગણાતો ગૃહસ્થ તૈયાર થાય છે ત્યારે તેની સહ અનુકંપનની શક્તિ તદ્દન નિર્ઘૃણ જેવી બની જાય છે એ દેખીતી વાત છે. ત્યારે અનુકંપાની દૃષ્ટિથી તે હિંસકમાં અને આવા ઉજળા જણાતા માનવમાં શો ફેર રહે છે? ભલે એ જીવના શરીરમાંથી પ્રત્યક્ષ લોહી વહેવડાવતો ન હોય પણ તે અનુકંપાહીન તો હોય છે જ. અમો આગળ વધી એટલે સુધી કહીશું કે, હિંસક પોતે અજ્ઞાનજન્ય પ્રકૃતિને લીધે પાપ કરે છે. પણ એ ધર્મિષ્ટમાં ખપનારો માણસ પોતે હિંસા અહિંસાનો ભેદ સમજે છે. અને એને લીધે પોતાની જવાબદારીનો તેને ખ્યાલ છે. ત્યારે તેનો દોષ વધારે સ્પષ્ટ છે. એકાદ અજ્ઞ બાલક એકાદ ગુનો કરે અને તેવો જ ગુનો પ્રૌઢ અને સમજદાર માણસ કરે ત્યારે આપણે બન્ને ગુનાઓનો સરખો તોલ કરતા નથી. બાળકને ઠપકો આપવાને બદલે આપણે વિનોદથી તેના ગુનાનું કૌતુક કરીએ છીએ, પણ પ્રૌઢને તેના પરિણામોનું કટુ પરિણામ ભોગવવા લગાડીએ છીએ. એ જ ન્યાય ઉપર આપણે કહી ગયા તે પ્રતિષ્ઠિત મનુષ્યને લગાડવો જોઈએ. અર્થાત્ જેવું જેવું જ્ઞાન વધે છે તેવી તેની જવાબદારી પણ વધે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યોના જ્ઞાન મુજબ જીવની કલ્પના મર્યાદિત છે. જ્યારે આપણે જૈનો વનસ્પતિ તો શું પણ અગ્નિ, વાયુ આદિમાં પણ જીવનું અસ્તિત્વ માનીએ છીએ. ત્યારે આપણી જવાબદારી કેટલી વધી જાય છે એનો વિચાર આપણે કરવો જોઇએ. આપણે વેપાર કરીએ કે કારખાનું ચલાવીએ, નોકરી કરીએ કે કોઇ હોદ્દેદાર થઇ હુકમત ચલાવીએ પણ દરેકમાં નિષ્કપટતા અને સચ્ચાઇને જ ધારણ કરવી જોઇએ. અન્યાયનું કે અન્યને દુઃખ ઉપજે એવું કાર્ય આપણાથી થઇ જ ન શકે. આપણી અનુકંપાશીલ વૃત્તિ આપણા જીવનની માર્ગદર્શિકા હોવી જોઇએ. સંકલ્પ પાલન માટે આપણે વજ્રથી પણ કઠણ થઇએ પણ અનુકંપા ઝીલવા માટે આપણે નવનીતની પેઠે મૃદુ હોઇએ. કોઇપણ જીવને આપણાથી ભય હોવો ન જોઇએ. આમ કરતા કેટલીએક વખતે એમાં વિવેકને પણ સ્થાન હોવું જોઇએ. કોઇ માણસ ઉપર જ્યારે અન્યાયી માણસ સિતમ ગુજારતો હોય ત્યારે તેને બચાવતા આપણા હાથે એકાદ અન્યાયીને દુભવવો પણ પડે એનો અપવાદ રહ્યો. હમેશને માટે આપણે અનુકંપાશીલ જ રહેવું જોઇએ. બીજાના દુઃખથી આપણે કંપવું જ જોઇએ.

સંત મહાત્માઓ કે જેમનું મન અત્યંત અનુકંપાશીલ થઇ જાય છે તેઓ ધ્રૂજતા ધ્રૂજતા બધી આપત્તિઓમાંથી બચવા માટે સર્વસંગપરિત્યાગ કરી વિરક્ત બની જાય છે. અને રાતદિવસ એકાદ જીવને પણ પોતા પાસેથી દુભવવાનો પ્રસંગ ન આવે તે માટે અત્યંત જાગૃત રહે છે. પોતાના જીવનની યોજના અત્યંત નિસ્પૃહ અને આત્માનુવર્તી બનાવી મૂકે છે. એમની દરેક નાની નાની હીલચાલમાં પણ તેઓ અનુકંપા અને શાંતિ અનુભવે છે. ધન્ય છે એવા પરમપૂજ્ય પુરુષશ્રેષ્ઠોને ! એમના ચરણમાં અમારા અનંત વંદના હોજો ! એવા સંત મહાત્માઓને લીધે જ આ વિષમ સંસારમાં કાંઇક સારભૂત વસ્તુનો સંભવ ઉત્પન્ન થએલો હોય છે. એવા સંતોના ચરણોમાં વારંવાર નમન કરી વિરમીએ છીએ.

ભગવંત શ્રી ઋષભદેવ તથા શ્રી અજિતનાથના
સંપૂર્ણ ચરિત્રને વાંચવા માટે
તેમજ
**તેમાં પ્રસંગોપાત આવતી મનોહર કથાઓ અને**
**વૈરાગ્યવાહિની અસરકારક ઉપદેશધારાઓ માટે**
**શ્રીત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર પર્વ ૧—૨**
**અવશ્ય વાંચો**
પાકું હૉલ કલોથ બાઈડીંગ, ૪૦૦ મોટી સાઇઝના પૃષ્ઠ છતાં
**મૂલ્ય રૂપિયા છ**
લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગૃહલક્ષ્મી-ધર્મિષ્ઠા

( ૨ )

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## પરિણામ-ધારાનો પ્રભાવ.

ગુરુદેવ ! મારી પુત્રવધૂએ કહેલી વાત શું સાચી છે? આ પ્રપંચી દુનિયામાં-અરે ! આ હડહડતા કળિયુગમાં એ જાતનું જીવન જીવવું શું શક્ય છે? સાચને આંચ ન આવે એ સૂત્ર સાંભળતાં ઘણું મીઠું લાગે છે પણ એને અમલમાં ઉતારવા જતાં રાજવી હરિશ્ચંદ્ર અને રાણી તારામતીના જીવનની કરુણ કહાણી સાંભળીએ છીએ ત્યારે હાંજા ગગડી જાય છે. શ્રદ્ધા ડગમગી જાય છે. એવું જોખમ ખેડવા વ્યવહાર ના પાડે છે. મન પોકારી ઉઠે છે. જીવડા ! સંતોનો એ ઉપદેશ તો વીરલા માટે. એ અંગેના ઉદાહરણ કેટલા ? વહેવારુ જીવન પર નભતા વણિકોનું એમાં કામ નહીં.

હેલાક શેઠ ! ધર્મરંગે રંગાયેલી શ્રેષ્ઠીસુતા લક્ષ્મીએ કહેલી વાત એ કોઇ કલ્પિત કહાણી નથી પણ જ્ઞાની ભગવંતોએ જ્ઞાનબળે જોયેલી-સાહિત્યના પાને અંકાયેલી-વાત છે. ' અન્ન એવો ઓડકાર ' એ લોકવાયકા તો જાણો છો ને? ચાહે તો સતયુગ હો કે કલિયુગ હો. ગમે તે સમય હો. એ કારણે ધર્મ-નીતિના સિદ્ધાંતો જ્ઞાનીઓએ નક્કી કર્યા છે. એમાં કંઇ ફેરફાર થતો નથી. બાકી એ વાત તો સાચી છે કે-' પાળે તેનો ધર્મ ' ધર્મ-અધર્મ, ખરું-ખોટું, સુકૃત-દુષ્કૃત ઇત્યાદિ દ્વંદ્વો અનાદિકાળથી ચાલ્યા આવે છે. જેઓ કર્મમળને નષ્ટ કરી આત્મદર્શન કરવા ઇચ્છે છે તેઓ એમાંના આદરણીય ભાગને જીવનમાં વણી લેવા યત્ન કરે છે અને બાકીનાને છોડી દે છે. અનુભવની નિસરણીએ આગળ વધેલા સંતો અશક્ય વાત ઉપદેશતા જ નથી. બાકી સારી વાતના આચરણમાં સંકટ અને પરીક્ષાની પળો તો આવે જ. કસોટી વિના જેમ સુવર્ણની પરીક્ષા ન થાય તેમ વિપત્તિકાળ વિના જીવનમાં સારી વાત રગેરગમાં ઉતરી ગઈ છે કે કેમ એના મૂલ્યાંકન પણ ન કરી શકાય.

વ્યવહાર કશાની ના પાડતો નથી જ. નબળા મનના માનવીઓ જ વહેવારને ઓઠારૂપે આગળ ધરે છે. વીશી ચલાવનાર ડોશીમાની વાત સાંભળી છે કે નહીં? જમનારને ખોટું લાગશે અગર તો ભાણેથી એ ઉઠી જશે એવી જરાપણ ચિંતા સેવ્યા વગર એ માજીએ વેપારીઓને સત્ય સંભળાવી દીધેલું.

ગુરુમહારાજ, કૃપા કરી આ સેવકને એ કથા સંભળાવો. મારી પુત્રવધુએ આંખ ન ઉઘાડી હોત તો, મારું તો જીવતર ખરાબ થઇ જાત માથાના સફેદ પળીઆ થયા ત્યાં સુધી મેં ' લીધું છે વધારે અને દીધું છે ઓછું ! ' વિશ્વાસુને છેતરવામાં કચાશ નથી રાખી. બાપજી. હા, ધન એકઠું કરી, એ પાપ ધોવા સારુ એ લક્ષ્મીમાંથી થોડો અંશ પૂજા-આંગી કે પ્રભાવનારૂપે વાપર્યો છે ખરો.

હેલાક શેઠ ! પાપ ધોવાની તમારી એ રીત ખરી નથી, કેમકે જ્ઞાનીપુરુષોએ તો ડિંડિમનાદે કહ્યું છે કે-પૂજાદિ સત્કાર્યોમાં જે ધન ખરચવાનું હોય તે ન્યાયમાર્ગે મેળવેલું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવું ઘટે. માર્ગાનુસારીપણાના વર્ણનમાં પ્રથમ ગુણ **'ન્યાયસંપન્નવિભવઃ'** બતાવ્યો છે. શ્રાવક ધર્મની એ પ્રથમ મર્યાદા છે એ પછી જ શ્રાવકના છ દિનકૃત્ય ( દેવપૂજા-ગુરુવંદન-સ્વાધ્યાય-સંયમ-તપ અને દાન )માં આગળ વધાય, અને ધર્મની સમજ બરાબર થાય ત્યારે બાર વ્રત પણ ગ્રહણ કરી શકાય. કર્મબંધનો આધાર આત્માના પરિણામો-ભાવો પર છે અને એમાં અન્યાય માર્ગે મેળવેલું ધન ઠીક ઠીક ભાગ ભજવે છે.

એક વેપારી મથક તરીકે લેખાતા મોટા શહેરની ભાગોળે ડોશીમાની જાણીતી 'વીશી' હતી. વીશીમાં થતી રસોઇ, વપરાતા પદાર્થોની શુદ્ધતા, પીરસવાની ચોકખાઇ અને વિશાળ જગ્યા તેમજ આસપાસના સુંદર વાતાવરણથી આકર્ષાઇ બહારગામથી ખરીદી અર્થે આવતા મુસાફરો આ વીશીમાં જ ઉતારો કરતા. અનુભવની વેદી પર ઘડાયેલ વૃદ્ધ માજી પણ મહેમાનોની ઉચિત સગવડ સાચવતા. આવનારના ચહેરા પરથી એના અંતરમાં રમતા ભાવ પારખી લેતા. એક વાર વહેલી સવારે બે વેપારી મિત્રોએ આવી વીશીમાં ઉતારો કર્યો. એમાં એક ઘીનો વેપારી હતો અને બીજો ચામડાનો ધંધો કરતો. જમીને તેઓ શહેરમાં ખરીદી માટે જવાના હતા અને પાંચ દશ દિન આસપાસના નાના સંનિવેશોમાં ફરવાના હતા. તેઓને જલ્દી જમણ પતાવી નીકળવું હતું. ડોશીમાએ ઘીના વેપારીને નજિક બેસાડી ભોજન પીરસવાની શરૂઆત કરી અને ચામડાની ખરીદી અર્થે જનારને જરા દૂર બેસાડી પછી થાળી પીરસી. ઉભય જમીને વિદાય થયા. લગભગ ખરીદીના કામમાં પખવાડીયું ગાળી પાછા ફર્યા. સાંજના ભોજન ટાણે ડોશીમાએ બન્નેના ભાણા પૂર્વવત્ માંડી દીધા, પણ ચામડાના વેપારીને નજિકમાં બેસાડ્યો અને ઘીવાળાને આઘો ઠેલ્યો. આમ થતાં સહજ એને કૌતુક થયું. એ બોલી ઉઠયો. માજી ! આવા ફેરફારનું કારણ શું ? ઘીનો વેપાર ઉચો કે ચામડાનો ? તમારી **સાઠી બુદ્ધિ નાઠી** તો નથી ને ? હું તો ઘીનો વેપારી.

ભાઇ, ભલે તું ઘીયો ઠર્યો પણ આજે ત્હારું સ્થાન મેં ઠરાવ્યું છે એ જ છે, કેમકે ત્હારા અધ્યવસાય બદલાયા છે. 'ઘી' ખરીદવા જતાં ત્હારી ભાવના હતી કે વરસાદ ઠીક થયો છે અને થોડો વધુ થાય. પશુઓ માટે ઘાસચારાનું સુખ થાય; અને સરવાળે ઘી, દૂધ સસ્તા મળે. હવે 'ઘી' ખરીદ્યા પછી એમાં પલટો આવ્યો. 'ઘી'ના વેપારમાં કમાણી કરવા એ મોંઘું થાય એવી ઇચ્છા ત્હારા હૃદયમાં રમતી થઇ, અને એ કારણે ન કરવાના વિચારો ત્હેં સ્વાર્થવશ થઇ કરવા પણ માંડયા. એ વાત મારા નેત્રોથી અગોચર ન રહી શકી, એટલે જ સ્થાન-ફેરફાર આવશ્યક બન્યો. ભાઇ, ત્હારાથી ઉલ્ટી વિચારણા ચામડાના વેપારીની પણ એના ચહેરા પરથી પારખી હતી. જતાં એના અધ્યવસાય મલિન હતા. વધારે પશુઓ મરે તો જ ચામડા સસ્તા મળે અને એ ત્યારે જ શકય બને કે દુષ્કાળ જેવી સ્થિતિ પ્રવર્તતી હોય. પણ હવે તેણે જરૂરી ખરીદી કરી લીધી છે. નફો મેળવવા સારુ ચામડા મોંઘા થાય એવી એની પણ ઇચ્છા વર્તે છે. સારો વર્ષાદ થયો હોય, ઘાસ-ચારાનું સુખ હોય તો ઢોરનું મરણ પ્રમાણ કુદરતી ઓછું થાય. એમ થતાં ચામડાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અછત રહે, અને એના માલના વધારે દામ ઉપજે. **'જ્ઞાની પુરુષોએ પરિણામે કર્મબંધ કહ્યો છે'** તે ખોટું નથી જ. ટૂંકમાં જણાવું તો એ આજે સુકાળ ઇચ્છે છે અને ભાઈ, તું દુર્ભિક્ષ વાંછે છે. થવું કુદરતને આધીન હોવા છતાં વ્યક્તિના વિચારમાં સ્વચ્છતા કે મલિનતા સ્વાર્થ વશ રમતી હોવાથી શુભ–અશુભ કર્મબંધ થાય છે. એટલા સારુ તો નીતિવેત્તાઓ કહે છે કે–**' मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो: '**

હેલાક શેઠ, ડોશીમાની વાત કદાચ તમો ન જાણતા હો પણ શું રાજર્ષિ પ્રસન્નચંદ્રના કથાનકથી અજાણ છો? રાજગૃહની કંદરામાં એ ધ્યાનસ્થ મહાત્માએ કેવલ મનમાં પરિવર્તન પામતા પરિણામોના કારણે સાતમી નર્ક સુધી જવાની તૈયારી નહોતી કરી? ખુદ પ્રભુ શ્રી મહાવીર દેવે ભૂપાલ શ્રેણિકના પ્રશ્ન ટાણે નર્કમાં જવાનો જવાબ આપેલો. એટલા રાજર્ષિના નસીબ પાધરા કે હાથ મસ્તક પર ગયો અને મૂંડિત શીરે વિચારધારા બદલાવી દીધી. પછી તો અનિત્યાદિ ભાવનાની શક્તિ પૂર્ણ જોસથી ખીલી નીકળી. જોત જોતામાં એણે (ભાવનાએ) સ્વર્ગના દરવાજા ખખડાવ્યા. પણ ઋષિજીને ઓછા જ અપ્સરાના વૈભવ–વિલાસ જોઈતા હતા. એ તો **' एकोऽहम् नत्थि मे कोई '** ના અદ્ભુત મંત્રની એકધારી રટણામાં લીન બન્યા અને આખરે શિવસુંદરીના અદ્વિતીય પ્રાસાદના કમાડ ઉઘડાવ્યા ત્યારે જ ઝંપ્યા.

શેઠજી, દુદુંભિના નાદ સુણી, ભગવંત શ્રી મહાવીરદેવને મહારાજા બિંબિસારે (શ્રેણિકે) પ્રશ્ન કર્યો. જવાબમાં પ્રભુએ કહ્યું–' ઘડી પહેલાના નર્કગામીને કેવલજ્ઞાન થયું. ' એ બધી કરામત ' મન માંકડાની ! ' એના પર કાબૂ ધરાવી, શુદ્ધ વિચારશ્રેણીમાં વાળવામાં આવે તો ' ભાવના ભવનાશિની ' નો સાક્ષાત્કાર દૂર નથી જ.

આચાર્યદેવ ! મેં ધન કમાવાના એક માત્ર વ્યવસાય સિવાય, ધર્મનું સ્વરૂપ જાણવા–વિચારવાની કંઇ જ તમન્ના રાખી નથી. કમાવું–ખાવું અને લોકમાં સારા કહેવરાવવા સિવાય હું બીજું કંઈ જ સમજ્યો નથી. મેં જરૂર પૂજા–પ્રભાવના–આંગી–ઉત્સવ કે પ્રતિક્રમણ–પોસહ તિથિ આશ્રયી કર્યાં છે પણ આપશ્રીની વાત પરથી લાગે છે કે–એમાં સાચી સમજનો અભાવ હતો. લોકરંજનની વૃત્તિ મોખરે હતી. વહેવારમાં રહ્યા તે કરવું પડે એવો ખ્યાલ મુખ્ય હતો. હૃદયમાં એ દ્વારા લોક સારો કહે અને જનતામાં 'વાહવાહ' બોલાય એ ઇચ્છા અંતરના ઊંડાણમાં જરૂર રમતી હતી. સંઘના ચાર ભાઇ પૂછતા આવે, કંઇ ટીપ–ટપારો લાવે તો હું એમાં ભરવામાં ના નહોતો પાડતો પણ આપે કહ્યો તેવો શુદ્ધભાવ ભાગ્યે જ જન્મતો. ના પાડવાથી સમાજમાં ખોટું દેખાશે એ વૃત્તિ જોર કરતી અને પાકી ખેંચતાણ કરાવી એમાં આંક માંડતો.

ભાઈ, આજે ત્હારું અંતર નિર્મળ થયું છે એટલે તું આટલી પણ કબુલાત કરે છે. બાકી જ્યાં લગી જ્ઞાનદશા જાગી નથી હોતી ત્યાં લગી જે જે કરણી કરવામાં આવે છે એની પાછળ જનસમૂહના મોટા ભાગની માન્યતા તેં જણાવી તેવી જ હોય છે. **' ક્રિયા**

For Private And Personal Use Only

વિના સિદ્ધિ નથી, પણ એ ક્રિયા જ્ઞાનપૂર્વકની હોય તો જ.' '**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' અથવા તો '**પહેલું જ્ઞાન ને પછી ક્રિયા**' અગર તો '**पढमम् नाणं तओ दया**' એ નાના દેખાતાં સૂત્રો ટંકશાળી છે. એના રહસ્યમાં ઊંડા ઉતરીએ તો જાણે સાગરનો સમાવેશ ગાગરમાં કર્યો છે એમ લાગે. એ સારુ અહર્નિશ સ્વાધ્યાય કરવાનું શ્રાવકનું કર્ત્તવ્ય બતાવ્યું છે. એ વેળા જ્ઞાન મેળવવા ખાસ લક્ષ્ય રાખવું ઘટે. જ્ઞાનપૂર્વકની કરણીનું પ્રમાણ ઓછું ભલે હોય, પણ ફળમાં એ વધી જાય છે.

મહારાજ સાહેબ, આજથી હું નિયમ ગ્રહણ કરું છું કે મ્હારે હવે વેપારમાં પ્રમાણિકતા રાખવી. વ્યાજબી ભાવથી લેવું અને વ્યાજબી ભાવથી દેવું. ઘરાકને છેતરવા નહીં. વધારામાં રોજ કંઇ ને કંઇ નવું જ્ઞાન સંપાદન કરતા રહેવું. નિયમ ગ્રહણ કરી શેઠ ઘેર આવ્યા. ઘરમાં પ્રવેશ કરતાં જ 'હલિ શેઠાણી' બોલી ઉઠયા—

આજે કેમ આટલી બધી વાર ગુરુમહારાજ પાસે થઇ ? પર્વદિન હોય અને કહીએ તો તમો તો દુકાન છોડો નહીં. માંડ વ્યાખ્યાન સાંભળો. સર્વમંગલ થતાં જ છેડો ખંખેરી ઉપાશ્રયના દ્વાર તરફ દોડો. ગુરુમહારાજની વૈયાવચ્ચ સારુ પણ થોભો નહીં. ત્યાં આજે આ ચમત્કાર કયાંથી થયો ?

એ બધો આપણી પુત્રવધુ ધર્મિષ્ઠાનો પ્રભાવ. એની બુદ્ધિમત્તાએ તો મારી દુર્ગતિ અટકાવી. રોજના આ અન્યાયજન્ય વેપારથી મારી કેવી દુર્દશા સર્જાત ?

પુત્ર ભાલક તો મને ઘણી વાર કહેતો કે ઘરાકને ઠગવા એ સારું નથી. ભલે આજે એથી થોડો નફો વધુ દેખાય, પણ આખરે તો '**દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં**' જેવું જ ! તમારી ગેરહાજરીમાં વહુની શિખામણથી એણે કોઇને પણ ઠગ્યા નથી. એ દ્વારા એકત્ર કરેલ રકમ પણ જુદી રાખી છે. ધર્મિષ્ઠાનું કહેવું છે કે–એ રકમથી ખરીદેલી ચીજ લાંબો સમય ભોગવી શકાય છે. કદાચ એ ગુમાઇ જાય તો પાછી અથડાઇને આપણા હાથમાં જ આવે છે.

આ વળી એક નવી વાત !

મને તો મારી એ શાણી વહુની વાત ખરી લાગે છે. તમને શંકા હોય તો અખતરો અજમાવી જુઓ.

ઠીક છે. જોઇશું. મોડું થયું છે એટલે હાલ તો ભાણા પર જવા દે. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાત્મદર્શનની કળા

લેખક—શ્રી વસંતલાલ કાંતિલાલ B. A.

'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસભર્યો હો લાલ' એ દેવચંદ્રજી મહારાજનું સ્તવન ગાયા પછી નીચેના વિચારો આવ્યા.

આપણે સૌને આંખ છે પણ જોતાં નથી આવડતું. જોવું એ એક કળા છે. જોવું એટલે માત્ર વસ્તુની બાહ્યઆકૃતિને આંખોથી ઝીલવી એટલું પૂરતું નથી. વસ્તુના મૂળ સ્વરૂપનું ગૂઢ દર્શન કરવું એ જોવાની કળા છે. અંગ્રેજી સાહિત્યમાં શેરલોક હોમ્સની ડીટેકટીવ કથાઓએ આખા વિશ્વને જીતી લીધી છે. તે વાંચતાં આપણને લાગે કે ડીટેકટીવ શેરલોક હોમ્સને જોવાની કળા આવડતી હતી. ભીંત પરના એકાદ ડાઘ પરથી કે સિગરેટની થોડીક રાખ પરથી તે અંધારાના ભેદી બનાવો ક્ષણમાત્રમાં ઉકેલી શકતો. વસ્તુના ઊંડાણમાં આ રીતે જોવું તે છે જોવાની કળા. કવિ ને કળાકારોમાં પણ જોવાની આ કળા હતી. પર્વતો ને વાદળોની નિરંકુશ રમત કે નદી ને વૃક્ષોનું સમૂહગીત—આ બધામાં તેઓ એવું કાંઈક જોઈ શકે છે જે આપણે જોઈ શકતા નથી. આપણને એ બધું નિશ્ચેત પૃથ્વીના જડ ટુકડારૂપે જ લાગે. કવિ તેમાં સૃષ્ટિની શોભા ને સમૃદ્ધિ જોવે છે—તેમાં ઇશ્વરનું ઐશ્વર્ય જુવે છે. આ રીતે એક અર્થશાસ્ત્રી એકાદ ચલણી સિક્કામાં રાષ્ટ્રની સંપત્તિ ઘડનાર તત્ત્વ જુવે ને એકાદ પ્રેમીજન પોતાની પ્રેયસીની સ્નેહમુદ્રામાં ખૂબ ઊંડું જોવાથી સુવર્ણનો અલંકાર નહિ પણ જીવતું હૃદય જુવે. વસ્તુદર્શનના આમ બે વિભાગ પડે છે. એક છે વસ્તુનું આકૃતિદર્શન. બીજું છે વસ્તુનું ગુણદર્શન.

પરમાત્મદર્શનમાં પણ ઉપરના બે ભેદ લાગુ પડે છે. આપણે સૌ મંદિરમાં જઈએ છીએ ત્યારે મંદિરના થાંભલા, તેની છત ને તેની દિવાલો જોઈએ છીએ. મૂર્તિનો પત્થર ને તેનો ઘાટ જોઈએ છીએ. પણ જેઓમાં જોવાની કળા છે તેઓ તો એ પ્રતિમાના અતલ રહસ્યને સ્પર્શે છે. એ મૂર્તિના અમૂર્ત સૌંદર્યને આત્મસાત્ કરે છે. તેમની બુદ્ધિમાં પરમાત્મસ્વરૂપનું સ્પષ્ટીકરણ થાય છે. તેમના હૃદયમાં પરમાત્મસ્વરૂપનું પ્રકટીકરણ થાય છે. એવી જોવાની કળામાં કુશળ પરમાત્મસ્વરૂપમાં—એક દેવની મૂર્તિમાં શું શું જુવે છે? પરમાત્મા એટલે આત્માની પૂર્ણતા વર્ણવતાં શ્રી યશોવિજયજી જ્ઞાનસારમાં કહે છે કે—આત્માની પૂર્ણતા એ કાંઈ લગ્નપ્રસંગે ઉછીના માગી લાવેલ ઘરેણા જેવી નથી. એ તો ઉત્તમ રત્નની કાંતિ જેવી છે. જેને જોતાં આવડે છે તે મંદિરની મૂર્તિમાં આત્માની પૂર્ણતાનું સચિત્ર આલેખન જુવે છે.

આત્માની આ પૂર્ણતામાં બે પ્રધાન તત્ત્વ છે: એક છે સમાધિ, બીજું પ્રભુતા. સમાધિ એટલે નિજત્વનો ઉપભોગ, સ્વત્વનો ઉત્સવ, આત્મસૂર્યની તેજપ્રભામાં મુક્ત વ્યવહાર, પ્રભુતા એટલે વિષયાસક્તિને કષાયાવેશમાંથી સ્વતંત્રતા મળી તેનું ગૌરવ. પ્રભુદર્શનની કળામાં કુશળ આ બધું જોઈ શકે છે અને પ્રભુદર્શનની કળા કેવળ મંદિરમાં જવાથી નથી આવડતી પણ મંદિરના પ્રભુને મળવાથી આવે છે. મૂર્તિને આંખથી જોવાથી નથી આવડતી પણ હૃદયદગથી જોવાથી આવડે છે. આથી જ ચિદાનંદજી મહારાજ ગાય છે:

"ચિદાનંદ ચેતનમય મૂરતિ દેખ હૃદયદગ જોડી"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્કૃષ્ટતાનાં ઉદાહરણો

( લે૦—પ્રો. હીરાલાલ ર. કાપડિયા M. A. )

'ઉત્કૃષ્ટતા' એટલે શ્રેષ્ઠતા, ઉત્તમતા, સર્વોપરિતા આમ આ શબ્દનો અર્થ છે, તો પછી એનાં ઉદાહરણો કેમ હોય? ઉત્કૃષ્ટતાના તે વળી પ્રકાર શા? ઉત્કૃષ્ટતાનું ઉદાહરણ તો એક જ હોય ને? આમ પ્રશ્ન કરનાર 'ઉત્કૃષ્ટતાનાં ઉદાહરણો' એ વાતને 'વદતો વ્યાઘાત' ગણે, પરંતુ આ તો ઉપલક દૃષ્ટિએ કરાતો વિચાર છે. ઊંડા ઊતરીને વિચાર કરતાં સહજ જણાશે કે ઉત્કૃષ્ટતાનો અનેક ક્ષેત્ર સાથે સંબંધ છે. વિષયોની વિવિધતા એ ઉત્કૃષ્ટતાના પ્રકારોનું મૂળ છે. આના સ્પષ્ટીકરણાર્થે હું થોડાક દાખલા આપું છું.

વ્યાયામનો વિચાર કરીશું તો માલમ પડશે કે કોઇ કુસ્તી કરવામાં સૌથી કુશળ છે તો કોઈ મલખમના ખેલ ખેલવામાં. કોઈ લાઠી ફેરવવામાં બીજા બધાંને ટપી જાય છે તો કોઈ લક્ષ્ય વીંધવામાં. કોઇ કૂદવામાં ઊંચાઈની અપેક્ષાએ અગ્રગણ્ય છે તો કોઇક લંબાણની અપેક્ષાએ. કોઇ દોડવામાં તો કોઇ તરવામાં શ્રેષ્ઠ છે.

કળાનાં ક્ષેત્રો પરત્વે નજર દોડાવતાં જણાશે કે કોઇ વાદનકળામાં વિશારદ છે તો કોઇ ગાયન કળામાં કે નૃત્યકળામાં. કોઇ ઉત્તમ ચિત્રકાર છે તો કોઇ અનન્ય શિલ્પી છે. કોઇ અજોડ કથાકાર છે તો કોઈ સર્વોપરી વક્તા છે. કોઇ નારદ વિદ્યામાં નિપુણ છે તો કોઇ વાદવિવાદમાં ચડિયાતો છે. કોઇ પ્રથમ પંક્તિનો વિચારક છે તો કોઇ અદ્વિતીય કવિ છે કે નિબંધકાર છે. કોઇ સર્વોત્તમ સંશોધક છે તો કોઇ ઉચ્ચ કક્ષાનો વિવેચક છે. કોઇએ મૌલિકતાનું ક્ષેત્ર શ્રેષ્ઠ રીતે સર કર્યું છે તો કોઇએ અનુવાદનું. કોઇ નાટક રચવામાં પ્રવીણ છે તો કોઇ એ ભજવવામાં. કોઇ આત્મકથાના આલેખનમાં પારંગત છે તો કોઇ અન્યનાં જીવનચરિત્રો રજૂ કરવામાં. કોઇએ ટૂંકી વાર્તાના આયોજનમાં સિદ્ધિ મેળવી છે તો કોઇએ નવલિકા કે સામાજિક કિંવા ઐતિહાસિક નવલકથામાં. કોઈ ઉત્તમ વૈયાકરણી છે તો કોઈ ધુરંધર છંદઃશાસ્ત્રી કે અનન્ય અલંકારશાસ્ત્રી છે. કોઇ ન્યાયનો અપૂર્વ જ્ઞાતા છે તો કોઇ ગણિતનો કે વિજ્ઞાનનો. કોઇ શબ્દ-કોશનો શ્રેષ્ઠ સંયોજક છે તો કોઇક વિશ્વકોશનો.

આમ વાઙ્મયના વિષયોનું વૈવિધ્ય પણ આપણને ઉત્કૃષ્ટતાના પ્રકારો હોવાની પ્રતીતિ કરાવે છે. સ્મરણશક્તિમાં પણ તરતમતા છે. કોઇ શતાવધાની છે તો કોઇ [1]સહસ્રાવધાની હશે. આ દૃષ્ટિએ પણ ઉત્કૃષ્ટતાના પ્રકાર સંભવે છે.

**યુગપ્રધાન**—જૈન સમાજ અને સાહિત્યમાં ઉત્કૃષ્ટતા માટે મુખ્યતયા બે શબ્દોનો વ્યવહાર જોવાય છેઃ (૧) યુગપ્રધાન અને (૨) પ્રભાવક. 'યુગપ્રધાન' એ એક જાતની પદવી છે. જે મુનિવર્ય યુગ-શ્રેષ્ઠ હોય, અતિશયથી અલંકૃત હોય તે 'યુગપ્રધાન' કહેવાય.

---

૧. શ્રી મુનિસુન્દરસૂરિ સહસ્રાવધાની હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ રચનાઓ, ઘટનાઓ શકવર્તી હોય છે તેમ પોતાના જમાનામાં જે વિદ્વત્તા, વ્યવસ્થા, સંચાલન ઇત્યાદિ બાબતોમાં અન્ય જનોની અપેક્ષાએ આગળ તરી આવતા હોય તેમને આ 'પદવી' અપાય છે. આને અનુલક્ષીને જૈન સાહિત્યમાં જાતજાતની રચનાઓ ઉદ્ભવી છે:—ઉદાહરણાર્થે હું નીચેનાં નામો રજૂ કરું છું:—

( ૧ ) **જુગપ્પહાણગંડિકાજંત્** ( યુગપ્રધાનગંડિકાયંત્ર )

( ૨ ) **યુગપ્રધાનચરિત્ર**

( ૩ ) શાહ કલ્યાણે વિ. સં. ૧૬૮૫ માં રચેલી **યુગપ્રધાનપટ્ટાવલિ**

( ૪ ) દેવેન્દ્રસૂરિકૃત **યુગપ્રધાનયંત્ર**[૧]

( ૫ ) ,, **યુગપ્રધાનયંત્રન્યાસ**[૨]

( ૬ ) અજ્ઞાતકર્તૃક **યુગપ્રધાનસ્તોત્ર**

( ૭ ) ધર્મઘોષસૂરિકૃત ,,

( ૮ ) **યુગપ્રધાનસ્વરૂપ.**

શ્રી **વિનયવિજયગણિએ લોકપ્રકાશ** વિ. સં. ૧૭૦૮ માં રચ્યો છે. આ જૈનોનો વિશ્વકોશ ( encyclopoedia ) ગણાય છે. એના ૩૪ મા **સર્ગ**માં–' કાલલોક ' પ્રકાશના, ૭ મા સર્ગમાં આ ' હુંડા ' અવસર્પિણીના ચાલુ પાંચમા આરાને ઉદ્દેશીને ત્રેવીસ ઉદયોની નોંધ છે. વિશેષમાં પ્રત્યેક ઉદયમાં કેટલા કેટલા ' યુગપ્રધાન ' સૂરિ થયા તે અહીં દર્શાવાયું છે. સાથે સાથે ત્રેવીસ ઉદયો પૈકી પ્રત્યેક ઉદયના પ્રારંભમાં થયેલા એકેક યુગ-પ્રધાનનું અને પ્રત્યેકના અંતમાંના એકેક યુગપ્રધાનનું નામ રજૂ કરાયેલ છે. ત્યારબાદ પ્રથમ ઉદયના વીસે ' યુગપ્રધાન ' સૂરિનાં નામ છે. એના પછી બીજા ઉદયના ૨૩ નાં નામ છે. આમ બધા મળીને ૮૯ નામો અપાયાં છે. ત્યારપછી ત્રેવીસ ઉદયના યુગપ્રધાનોની સંખ્યા તરીકે ૨૦૦૪ ની અને ' યુગપ્રધાન ' જેવા સૂરિઓની સંખ્યા અગિયાર લાખ ને સોળ હજારની દર્શાવાઇ છે. ' સ્વાચાર 'સૂરિની સંખ્યા પંચાવન કરોડ, પંચાવન લાખ, પાંચ હજાર ને પાંચસોની બતાવાઇ છે, જ્યારે ગુણોવડે મધ્યમ એવા સૂરિઓની સંખ્યા તેત્રીસ લાખ, ચાર હજાર, ચારસો ને એકાણું ( ૩૩૦૪૪૯૧ ) ની અપાઇ છે. આ પ્રમાણે નિર્દેશ કરી મહાન્ આશયવાળા પૂર્વાચાર્યો તરીકે જગચ્ચન્દ્ર, બપ્પભટ્ટિ, અભયદેવ, હેમચંદ્ર અને મલયગિરિનાં નામ દર્શાવાયાં છે.[૩]

**પ્રભાવકો**–જૈન શાસનની શોભાને–એની પ્રતિષ્ઠાને વધારે તે ' પ્રભાવક ' ( પા. પભાવગ ) કહેવાય છે. હરિભદ્રસૂરિની રચેલી મનાતી અને **સમ્યક્ત્વસપ્તતિ** તરીકે ઓળખાવાતી **દંસણસત્તરિ**ની ૩૧ મી ગાથામાં કહ્યું છે કે જે વ્યક્તિ સમ્યગ્દર્શનથી યુક્ત

૧–૨. આ બે ભિન્ન ભિન્ન રચના છે કે કેમ ? ૩. આ અધિકાર **લોકપ્રકાશ**–( સ. ૩૪, શ્લો. ૧૦૦-૧૨૯ )માં છે તે "શ્રીયુગપ્રધાનાઃ" એ શીર્ષકપૂર્વક **પટ્ટાવલીસમુચ્ચય**-(ભા. ૧) માં ઉદ્ધૃત કરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તે છતે સામર્થ્યે 'પ્રભાવક' બને છે અને સૂત્રમાં એ વિશિષ્ટ વ્યક્તિના આઠ પ્રકારો નિર્દેશાયા છે, એને સ્પર્શતી ગાથા નીચે મુજબ છે:—

"पावयणी धम्मकही वाई नेमित्तिओ तवस्सी य।
विज्जा सिद्धो य कवी अट्ठेय पभावगा भणिया ॥ ३२ ॥"[1]

અર્થાત્ (૧) પ્રાવચનિક, (૨) ધર્મકથિક, (૩) વાદી, (૪) નૈમિત્તિક, (૫) તપસ્વી, (૬) વિદ્યાવાન્, (૭) સિદ્ધ અને (૮) કવિ એમ આઠ જ પ્રભાવક છે. આની પછીની ગાથાઓમાં આ આઠેનાં લક્ષણો અપાયાં છે:—

(૧) સમયને અનુકૂળ સૂત્રને ધારણ કરનાર અને તીર્થને શુભ માર્ગે પ્રવર્તાવનાર સૂરિ તે 'પ્રાવચનિક' છે.

(૨) જેમણે ભવ્ય જનોને પ્રતિબોધ પમાડ્યો હોય, જેઓ ધર્મકથા કરતા હોય અને વ્યાખ્યાન માટે જેમની વિશિષ્ટ લબ્ધિ (શક્તિ) હોય તેઓ 'ધર્મકથિક' છે.

(૩) જેઓ પ્રમાણોમાં પ્રવીણ હોય અને જેમણે રાજદરબારમાં પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હોય તેઓ 'વાદી' છે.

(૪) જેઓ આઠ પ્રકારનાં નિમિત્તના જાણકાર હોય અને જરૂર જણાતાં જેઓ એનો કુશળતાપૂર્વક ઉપયોગ કરે તેઓ 'નૈમિત્તિક' કહેવાય છે.

(૫) જેઓ વિશિષ્ટ તપ દ્વારા જૈન શાસનના ગૌરવને દિપાવે તેઓ 'તપસ્વી' કહેવાય છે.

"प्रावचनी धर्म्मकथी वादी नैमित्तिकस्तपस्वी च।
विज्जा(?)सिद्धः ख्यातः कविरपि चोद्भावकास्त्वष्टौ ॥"

(૬) જેમણે જાપ, હોમ વગેરે યથોચિત પૂર્વ સેવા અને ઉત્તર સેવાવડે સિદ્ધિ મેળવી હોય, જેઓ અનેક વિદ્યા અને મંત્રોના જાણકાર હોય અને જેઓ ઉચિત-અનુચિતનો સાચો વિચાર કરી શકતા હોય તેઓ 'વિદ્યાવાન્' કહેવાય છે.

(૭) સંઘાદિના કાર્યોને સિદ્ધ કરનાર [2]ચૂર્ણો [3]અંજનો અને [4]યોગોવડે જેમણે જગતમાં નામના મેળવી હોય તેઓ 'સિદ્ધ' કહેવાય છે.

(૮) જેઓ વાસ્તવિક અર્થને રજૂ કરનાર શાસ્ત્રોને રચે છે, અને જેઓ જૈન શાસનના જાણકાર છે તેઓ 'કવિ' છે. આમ ગા. ૩૩-૩૬ માં લક્ષણો દર્શાવાયા બાદ પ્રકારાંતરથી આઠ પ્રભાવકો નિમ્નલિખિત ગાથાદ્વારા સૂચવાયા છે:—

૧. આને મળતું પદ્ય આચારની ચુણ્ણિ (પત્ર ૧૭૮)માં નીચે મુજબ અપાયું છે—

૨. આ સુવર્ણસિદ્ધિ વગેરે ઉત્પન્ન કરે છે.

૩. આની ઉત્પત્તિ ઔષધિઓને આભારી છે.

૪. આ સૌભાગ્ય અને દૌર્ભાગ્ય કરે છે. એ પગે લેપ (પાદલેપ) ઇત્યાદિ વડે આકાશમાં ઊડવામાં સહાયક બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" अइसेसइड्ढि धम्मकहि वाइ आयरिय खवगनेमित्ती ।
विज्जारायागणसम्मओ य तित्थं पभावंति ॥ ३ ॥ "

અર્થાત્ (૧) અન્ય જનોના કરતાં ચડિયાતી ઋદ્ધિને ધારણ કરનાર, (૨) ધર્મકથક, (૩) વાદી, (૪) ૧૨૯૬ ગુણોથી અલંકૃત આચાર્ય, (૫) ઉત્કૃષ્ટ તપસ્યા કરનાર, (૬) નૈમિત્તિક, (૭) વિદ્યાવાન્ અને (૮) રાજા વગેરે તરફથી સન્માન પામનાર એમ આઠ પ્રભાવકો જાણવા કે જેઓ તીર્થની પ્રભાવના કરે છે–એનો ઉદ્યોત કરે છે.

શ્રી સંઘતિલકસૂરિએ આ **દંસણસત્તરિ** ઉપર **તત્ત્વકૌમુદી** નામની ટીકા વિ. સં. ૧૪૨૨માં રચી છે. એમાં એમણે પ્રથમ પ્રકારે ગણાવેલા આઠ પ્રભાવકોનાં નામ–નિર્દેશ-પૂર્વક તેમનાં જીવનચરિત્રો આલેખ્યાં છે. આ નામો નીચે મુજબ છે:—

(૧) વજ્રસ્વામી, (૨) મલ્લવાદી, (૩) ભદ્રબાહુસ્વામી, (૪) વિષ્ણુકુમાર, (૫) આર્ય ખપુટાચાર્ય, (૬) પાદલિપ્તસૂરિ અને (૭) સિદ્ધસેન દિવાકર.

અહીં આઠને બદલે સાત નામ છે તેનું કારણ એ છે કે વજ્રસ્વામીને પ્રાવચનિક તેમજ ધર્મકથિક એમ બે રીતે પ્રભાવક ગણેલા છે.

શ્રી હરિભદ્રસૂરિએ **તત્ત્વપ્રકાશક** એવા અપરનામે ઓળખાવાતું **સંબોહપયરણ** રચ્યું છે, અને એ "જૈન ગ્રન્થ પ્રકાશક સભા" (અમદાવાદ) દ્વારા ઇ. સ. ૧૯૧૬ માં છપાયું છે, એમાં આચાર્યના ૩૬ ગુણો ૪૭ રીતે ગણાવાયા છે, તેમાં પત્ર ૨૩ આમાં ૩૧ મો પ્રકાર ગણાવતાં ૨૮ લબ્ધિ અને આઠ પ્રભાવકોના (ગુણો) એમ ઉલ્લેખ છે.

**વ્યાકરણો**—સંસ્કૃત ભાષાનાં વ્યાકરણોમાં 'અનુ' અને 'ઉપ' એ ઉપસર્ગના અર્થને અનુલક્ષીને સૂત્રો રચાયાં છે. દા. ત. **સિદ્ધહેમચન્દ્ર** (અ. ૨, પા. ૨) નું નિમ્નલિખિત **સૂત્ર**:—

" उत्कृष्टेऽनूपेन "

આનાં ઉદાહરણ તરીકે નીચે મુજબ ઉલ્લેખ આ સૂરિવરે કર્યો છે:—

**"अनु सिद्धसेनं कवयः अनु मल्लवादिनं तार्किकाः उप उमास्वातिं संग्रहीतारः"**

આનો અર્થ એ છે કે–કવિઓમાં **સિદ્ધસેન** (દિવાકર), તાર્કિકોમાં **મલ્લવાદી** અને સંગ્રહકારોમાં ઉમાસ્વાતિ શ્રેષ્ઠ છે.

આમ જેમ આ વ્યાકરણ ઉત્કૃષ્ટ વ્યક્તિઓનાં ઉદાહરણો રજૂ કરે છે તેમ આ વ્યાકરણની પૂર્વે રચાયેલાં તેમજ એના પછી યોજાયેલાં જૈન વ્યાકરણોમાં પણ આવી હકીકત હોવા સંભવ છે, પરંતુ એ બધાં વ્યાકરણો મને અહીં મળે તેમ નથી. આથી થોડાંક જ હું અહીં વિચારું છું.

આગમોદ્ધારકે **સિદ્ધહેમચન્દ્ર**ને અનુલક્ષીને **સિદ્ધપ્રભા** રચી છે, એમાં પૃ. ૫૨ માં એમણે નીચે મુજબ વિધાન કર્યું છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" अनु यशोविजयं तार्किकाः, उप हेमचन्द्रं वैयाकरणाः "

અર્થાત્ યશોવિજયગણિ: એ પ્રકૃષ્ટ તાર્કિક છે અને હેમચન્દ્ર એ સર્વોપરી વૈયાકરણી છે.

પૂજ્યપાદ ઊર્ફે દેવનંદિએ જૈનેન્દ્ર વ્યાકરણ રચ્યું છે. એમાંથી અહીં નીચે મુજબનાં સૂત્ર નોંધવા લાયક જણાય છેઃ—

" वेत्तेः सिद्धसेनस्य "—૫.૧,૭

" चतुष्टयं समन्तभद्रस्य "—૫,૪,૧૪૦

પહેલા સૂત્રમાં સિદ્ધસેનનું-દ્વાત્રિંશિકાદિના [૧] પ્રણેતાનું અને બીજામાં સમન્તભદ્રનું-આપ્તમીમાંસાના કર્તાનું સ્વસંમત જૈન આચાર્યોમાં વિશિષ્ટ સ્થાન દર્શાવાયું છે.

આ તો પૂર્વાચાર્યોની વાત થઇ એટલે હવે આપણે આપણા સમયનો વિચાર કરીશું. આ કાર્યને સર્વાંશે હું પહોંચી વળું તેમ નથી એટલે કાળની અપેક્ષાએ છેલ્લાં પચાસેક વર્ષો અને ક્ષેત્રની અપેક્ષાએ જૈન શ્વેતાંબર સમાજ ( મુખ્યતયા મૂર્તિપૂજક યાને મંદિરમાર્ગી )ની કેટલીક વ્યક્તિ પૂરતો આ લેખને હું મર્યાદિત કરું છું. પ્રાચીન સમયના વિદેહીઓ વિષે અભિપ્રાય રજૂ કરવાનું કાર્ય જેટલું સુગમ છે એટલું આ નથી, કેમકે આમાં પૂર્વગ્રહ વગેરેને કારણરૂપ કોઇ ગણે તેમજ મારો આશય પણ કોઇની અવગણના અને હેલના ન કરવાનો હોવા છતાં એને વિકૃત રૂપે સમજે. આવી પરિસ્થિતિમાં પણ હું આ કાર્ય હાથ ધરું છું, તેનું કારણ એ છે કે-જૈન સમાજે કયા કયા ક્ષેત્રમાં કેટલું પાણી બતાવ્યું છે અને કયાં કયાં એણે હજી ગણનાપાત્ર કાર્ય કર્યું નથી તેનો આપણને પૂરેપૂરો ખ્યાલ આવે તેથી એને પહોંચી વળવા માટે સબળ પ્રયાસ કરાય અને એની સિદ્ધિ થતાં " જૈનં જયતિ શાસનમ્ " ની નિઃસંકોચપણે ચોમેર ઉદ્‌ઘોષણા કરાય.

હવે હું વિશિષ્ટ વ્યક્તિઓની તેમની નોંધપાત્ર સિદ્ધિના ઉલ્લેખપૂર્વક નોંધ લઉં છું અને તેમાંયે શ્રમણ વર્ગથી-વિદેહી મુનિવરોથી હું શરૂઆત કરું છું:—

| | |
|---|---|
| ૧ આત્મારામજી ( પંજાબકેસરી ) | પાશ્ચાત્ય પ્રદેશમાં જૈન જ્યોતિ પ્રકટાવનાર |
| ૨ મોહનલાલજી | વચનસિદ્ધિ માટે વિખ્યાત |
| ૩ વિજયધર્મસૂરિ | યુરોપીય વિદ્વાનોના માર્ગદર્શક અને સહાયક |
| ૪ વિજયનેમિસૂરિ | જૈન જગતના સુકાની, તીર્થોદ્ધારક, જૈન ન્યાયના પર્યાલોચક |
| ૫ આનંદસાગરસૂરિ | આગમોના અનન્ય અભ્યાસી, અનેક ગ્રન્થોના સંપાદક, આગમ-મંદિરોના ઉપદેશક, શાસનના મહાસુભટ. |
| ૬ મંગળવિજયજી ( ન્યાયતીર્થ ) | ગીર્વાણ ગિરાના આરાધક |
| ૧ વિજયસિદ્ધિસૂરિ | સ્થવિર |
| ૨ વિજયદર્શનસૂરિ | ન્યાયશાસ્ત્રના વિવરણકાર |

૧ આમ કહેવાનું કારણ એ છે કે-પૂજ્યપાદ તત્ત્વાર્થસૂત્ર( અ. ૭, સૂ. ૧૩ )ની ટીકા સર્વાર્થસિદ્ધિમાં ત્રીજી દ્વાત્રિંશિકાનું તેરમું પદ્ય જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૩ | વિજયવલ્લભસૂરિ | વિદ્યાલયના પ્રાણદાતા |
| ૪ | વિજયોદયસૂરિ | દ્રવ્યાનુયોગ અને શિલ્પમાં નિષ્ણાત |
| ૫ | વિજયપ્રેમસૂરિ | કર્મગ્રંથાદિના પ્રકૃષ્ટ જ્ઞાતા |
| ૬ | વિજયેન્દ્રસૂરિ | ઇતિહાસના ગવેષક |
| ૭ | વિજયલબ્ધિસૂરિ | પ્રાસંગિક પદ્યોના પ્રણેતા |
| ૮ | વિજયલાવણ્યસૂરિ | વ્યાકરણ-વિશારદ |
| ૯ | વિજયરામચન્દ્રસૂરિ | પ્રખર વક્તા |
| ૧૦ | ન્યાયવિજય ( ન્યાયતીર્થ ) | ક્રાંતિકારી સંસ્કૃતાદિ કૃતિના સર્જક |
| ૧૧ | પુણ્યવિજય | ભંડારોના નિરીક્ષક ને વ્યવસ્થાપક |
| ૧૨ | જંબૂવિજય | બૌદ્ધદર્શનમાં કુશળ |
| ૧ | મોહનલાલ દ. દેસાઇ | જૈન ગુર્જર સાહિત્યના પ્રદર્શક |
| ૨ | કુંવરજી આણંદજી | સાહિત્યોત્થાનના સૂત્રધાર |
| ૩ | મોતીચંદ ગિ. કાપડિયા | અંગ્રેજી સૂક્તોના ભાષ્યકાર |
| ૧ | જિનવિજય | ઐતિહાસિક ને સાંસ્કૃતિક સાહિત્યના પર્યેષક |
| ૨ | સુખલાલ ( સંઘવી ) | ભારતીય દર્શનોમાં પ્રાજ્ઞ |
| ૩ | બેચરદાસ | પાઇય સાહિત્યમાં પ્રવીણ |
| ૪ | લાલચન્દ્ર | આલોચક |

આ પ્રમાણે વિદ્વાનો જે વ્યક્તિના એક યા બીજી રીતે વિશિષ્ટ પરિચયમાં આવ્યા હોય તેમને વિષે શુદ્ધભાવે અભિપ્રાય દર્શાવશે તો આ વિષય ઉપર વિશેષ પ્રકાશ પડશે.

આપે ન વાંચ્યું હોય તો અવશ્ય વાંચશો

# શ્રી સીમંધર શોભા તરંગ

પ્રાચીન રાસનો સુંદર નમૂનો, ભાવવાહી કાવ્ય-
શૈલી અને કામગજેન્દ્રકુમારનું ચમત્કારિક ચરિત્ર

ઘણા વિદ્વાનોના આ પુસ્તક સંબંધી ઉચ્ચ અભિપ્રાયો મળ્યા છે

પાકું બાઇંડીંગ, પૃષ્ઠ ૩૨૦ મૂલ્ય રૂા. બે

લખો-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

# વ્યવહાર કૌશલ્ય

( ૩૦૮ )

**માણુસ જાતનું સુખ મોટાં કામો કરવાથી થતું નથી અથવા એવું ભાગ્યે જ બને છે પણુ રોજબરોજના કામકાજના નાનાં કામોથી થાય છે.**

**મા**ણુસોનાં કામો બે પ્રકારનાં હોય છે. નાનાં અને મોટાં. મોટાં કામો દેખાવમાં સુંદર લાગે છે, તે પર ભાષણો થાય છે, કેટલીક વાર છાપામાં પણુ તે માટે રિપોર્ટ આવે છે, માનપત્ર મળે છે અને તેના ઉપર નુકતેચીની થાય છે. પણુ નાના કામો તો દરરોજ થયા કરે છે, તે પર કાંઇ માનપત્રનાં મેળાવડાં થતા નથી, કે તેને માટે લોકો ભાષણુ આપતા નથી. દુનિયાનાં કાર્યો તપાસીએ તો ઘણુંખરું તેનો સરવાળો નાના કામોનો જ હોય છે. ઘણી વાર ખેડૂત શું કરે છે તે સુતાર જાણુતો પણુ હોતો નથી, પણુ આવાં આવાં નાનાં કામોનો સરવાળો ૯૯ ટકા થાય છે અને તેવાં કામો મનુષ્યની સુખ-સગવડમાં વધારો કરનારા થાય છે. તમે જોશો તો માલૂમ પડશે. આપણાં ઘણાંખરાં કામો આ વર્ગમાં જ આવે છે અને આપણે ગમે તે માનતાં હોઇએ તો પણુ આપણા સુખ-સગવડમાં એવાં ચાલુ કામો જ મદદ કરે છે. એક નહેર બાંધવી કે એક જ્વાલામુખીની ગરમીને સંઘરવી એ ઇચ્છવાયોગ્ય કામ હોવા છતાં એ કોઇ એકાદ વખત બની આવે તેવું કામ છે. એટલે મોટાં કામનો ધખારો રાખવાને બદલે નાનાં કામને પકડી લેવામાં આવે તો તેમાં કાંઇ ખોટું નથી, પણુ વાત એ છે કે-નાનું કામ પણુ સંપૂર્ણપણે કરવું જોઇએ. એમાં કામની નાનપ અને મોટપ ઉપર ભાર મૂકવામાં આવતો નથી, પણુ કામ બરાબર થવું જોઇએ એ પર કામનો મદાર રહે છે. એવાં મોટાં કામ તો એક યુગમાં એકાદ થાય તેને ગણુવાનાં નથી, પણ મનુષ્ય સુખ માટે તે નકામાં છે અથવા કંઇ ગણુતરીમાં નથી, મનુષ્ય સુખ તો મોટે ભાગે ચાલુ કામ પર આધાર રાખે છે. એક સુતારનો વાંસલો કે દરજીની સોય જે કામ બજાવે છે તેની પાસે ઇજનેરનું મોટું ચક્કર નકામું છે અને એ સર્વમાં પ્રમાણુનું ધ્યાન રાખવાનું હોય છે. કામ મોટું હોય તો ભલે એ સુખનો વધારો કરે, પણુ એવાં મોટાં કામ સરવાળે કેટલાં થાય? અને નાનાં કામો તો દરરોજ થયાં જ કરે છે અને બધાં નાનાં કામોનો સરવાળો ૯૯ ટકા થાય છે એટલે મનુષ્ય સુખ પણુ નાનાં કામ ઉપર જ આધાર રાખે છે. એની ઉપેક્ષા કરવા યોગ્ય નથી, સરવાળે એનું વળતર પણુ વધે તેમ છે, અને તેટલા માટે મોટા કામ મેળવવાની આતુરતા કુશળ માણુસ કદી ન રાખે કારણુ કે એ સમજે છે કે અંતે કામનો સરવાળો તો નાના કામનો વધવાનો છે અને મનુષ્યજાતિ તો આ સામાન્ય પ્રકારના પ્રાણીઓની બનેલી છે. એટલે એ મુખ્યત્વે કરીને ચાલુ નાનાં કાર્યો પર જ મનુષ્યસુખની ગણુતરી કરે અને મોટાં કામ મોટા માણુસો માટે જુદા જાળવી રાખે. એમાં એની સૂક્ષ્મ ગણુતરી જ એને મદદ કરે. એ કામની નાનપ કે મોટાઇ ન જુએ, પરિણામ જુએ એમાં એની કુશળતા છે.

**સ્વ૦ મૌક્તિક**

---

**Human happiness is produced not so much by great pieces of fortune that seldom happen as by little advantages that happen every day.**

*Benjamion Franklin.*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ

**શ્રી જિન-ચંદ્ર-કાન્ત-પ્રભ-વિનયગુણમાળા**—સંપાદક મુનિમહારાજશ્રી ચંદ્રકાન્તસાગરજી મહારાજ તથા મુનિમહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ૦ ક્રાઉન સોળપેજી પ૨૫ પૃષ્ઠના આ દળદાર પુસ્તકમાં ઘણો જ ઉપયોગી સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રાચીન સ્તવનો, ચૈત્યવંદનો, સ્તુતિઓ, છંદો, સજ્ઝાયો, આધ્યાત્મિક પદો ઉપરાંત પૌષધવિધિ, સામાયિક વિધિ વગેરે આવશ્યકીય વિધિઓ અને છેલ્લે છેલ્લે ખાસ જાણવાલાયક વસ્તુઓ વિગેરે વિભાગો દાખલ કરીને આ પુસ્તકને દરેક રીતે ઉપયોગી થઈ શકે તેવું બનાવવામાં આવ્યું છે. સંપાદક બંને મુનિરાજશ્રીનો પ્રયાસ પ્રશંસાપાત્ર તેમજ અનુમોદનીય છે. ફક્ત પ્રાચીન પૂર્વ પુરુષોની કૃતિઓનો જ સંગ્રહ કરવાની આ પદ્ધતિ વખાણવા યોગ્ય છે. મૂલ્ય રૂ. **અઢી**

**દેશનાચિંતામણિ**—ભાગ ત્રીજો, ચોથો અને પાંચમો. સ્વોપજ્ઞ સ્પષ્ટાર્થ સહિત. કર્તા-પૂ. આચાર્યમહારાજશ્રી વિજયપદ્મસૂરિજીમહારાજ. આર્થિક સહાયક શેઠ જેશંગભાઈ કાલીદાસ શેરદલાલ-અમદાવાદ. પ્રકાશક-શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદ. ક્રાઉન આઠપેજી પૃષ્ઠ ૬૦૦ પાકું હોલ કલોથ બાઈંડીંગ. આર્થિક સહાયકને લખવાથી ભેટ મળી શકશે.

આ દળદાર ગ્રંથમાં પૂ. આચાર્યમહારાજે દરેક ભાગમાં અનુક્રમે શ્રી સંભવનાથ, શ્રી અભિનંદનસ્વામી અને શ્રી સુમતિનાથ એ ત્રણે તીર્થંકર પરમાત્માનું જીવનચરિત્ર અને તેમનો હૃદયંગમ ઉપદેશ સારી રીતે પદ્યમાં અને તેના સ્પષ્ટાર્થમાં વણી લીધો છે. એકંદરે આચાર્યમહારાજશ્રીનો આવો પ્રયાસ પ્રશંસનીય છે. પ્રસંગે પ્રસંગે અનુરૂપ કથાનકો આપી ગ્રંથની રસિકતા જાળવી રાખી છે. મુમુક્ષોએ ખાસ કરીને આ ગ્રંથ વાંચવા યોગ્ય છે.

**પ્રેમગીતા**—મૂળ કર્તા પૂ. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ, તેના પર વિવરણકાર પૂ. આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી મહારાજ. પ્રકાશક શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર-વિજાપુર. મૂલ્ય રૂ. ચાર. ક્રાઉન આઠપેજી સાઇઝના ૨૭૫ પૃષ્ઠના આ ગ્રંથમાં વિદ્વાન કર્તા આચાર્યમહારાજે પ્રેમ અને પ્રેમનું શુદ્ધ સ્વરૂપ, પ્રેમનાં ફળ અને પ્રેમ તેમજ ધર્મની એકતા વિગેરે વિષયો સુંદર રીતે દર્શાવ્યા છે. તે તે પ્રસંગો પર આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજીએ સરલ અને રોચક ભાષામાં વિવેચન કરેલ છે. પ્રયાસ સારો છે. આ ગ્રંથ મુનિરાજશ્રી ભુવનવિજયજી તરફથી સભાને ભેટ તરીકે મળેલ છે.

**જિનવાણી**—મૂળ બંગાળી ભાષામાં ડૉ. હરિસત્ય ભટ્ટાચાર્યે આ પુસ્તક લખેલ તેનો ગુજરાતી અનુવાદ શ્રી સુશીલે કરેલ. ત્યારબાદ આ હિંદી અનુવાદનો ગ્રંથ શ્રી ચારિત્ર-સ્મારક-ગ્રંથમાળાના ઓગણપચાસમા મૌક્તિક તરીકે પ્રસિદ્ધ થયેલ છે. ક્રાઉન સોળપેજી આશરે ત્રણસો પાનાના આ ગ્રંથનું મૂલ્ય રૂ. અઢી. પ્રાપ્તિસ્થાન-ચંદુલાલ લખુભાઇ પરીખ. નાગજી ભુધરની પોળ અમદાવાદ.

આ ગ્રંથમાં જૈન ધર્મની વાસ્તવિકતા, પ્રાચીનતા અને જૈન સિદ્ધાંતોની શ્રેષ્ઠતા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોની ઇશ્વર સંબંધી માન્યતા વિગેરે અનેક વિષયોનું સુંદર પૃથકકરણ કરવામાં આવેલ છે. ભૂમિકા-નિદર્શન પંડિત સુખલાલજીએ વિદ્વત્તાભરી ભાષામાં લખી ગ્રંથની ઉપયોગિતામાં વધારો કર્યો છે. ગુજરાતી ન વાંચી-શકે તેવા હિંદીભાઇઓ માટે આ ગ્રંથનું હિંદી ભાષામાં અવતરણ કરવામાં આવ્યું છે. એકંદરે આ પ્રયાસ પ્રશંસનીય છે.

**ધર્મબિન્દુ**—મૂળ કર્તા આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજીના મૂળ શ્લોકો આપી તેનો હિંદી ભાષામાં સ્પષ્ટાર્થ જણાવવામાં આવ્યો છે, જે હિંદીભાષા જાણનારા બંધુઓ માટે અતિ ઉપયોગી છે. ક્રાઉન સોળ પેજી આશરે પાંચસો પૃષ્ઠના આ ગ્રંથની કિંમત રૂા. ચાર. પ્રાપ્તિસ્થાન ઉપર પ્રમાણે.

આ પુસ્તકમાં વિદ્વાન્કર્તા આચાર્ય મહારાજે ધર્મનું સ્વરૂપ વિવિધ રીતે સમજાવ્યું છે. અભ્યાસક્રમમાં દાખલ કરવા જેવું પુસ્તક છે. ઉપોદ્ઘાતમાં મુનિરાજશ્રી દર્શનવિજયજી-(ત્રિપુટી)એ કર્તા મહાપુરુષનો સારી રીતે પરિચય કરાવ્યો છે. ગૃહસ્થધર્મનું યથાર્થ રહસ્ય સમજવાની ઇચ્છા રાખનારે આ ગ્રંથ અવશ્ય વાંચવા યોગ્ય છે.

**શ્રી શ્રીધરચરિત્ર મહાકાવ્ય**—મૂળ કર્તા આચાર્યશ્રી માણિક્યસુંદરસૂરિ. દુર્ગપદ નામની સ્વોપજ્ઞ ટીકા છે, જેથી ગ્રંથનો આશય સમજવામાં સરલતા રહે છે. સંપાદક મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી મહારાજ. ચારિત્ર સ્મારક ગ્રંથમાળાનો આ અડતાલીસમો મણકો છે. પ્રાપ્તિસ્થાન ઉપર પ્રમાણે. મૂલ્ય રૂા. સાડાચાર પૃ. આશરે ૨૦૦ ડેમી સાઇઝ.

**શ્રમણ ભગવાન મહાવીર**—ક્રાઉન સોળ પેજી આશરે ૧૭૫) પૃષ્ઠના આ ગ્રંથમાં વિદ્વાન્ લેખક શ્રી શાંતિલાલ ના. શાહે ભગવંત મહાવીરના જીવન-આલેખનમાં સારો પ્રયાસ કર્યો છે. વચ્ચે વચ્ચે પ્રસંગને અનુરૂપ ચિત્રો આપી ગ્રંથની શોભામાં વધારો કર્યો છે. પ્રકાશક શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર-અમદાવાદ. મૂલ્ય રૂપિયો સવા. પ્રયાસ સારો છે.

**શ્રી નમસ્કાર મહામંત્ર અને વચનામૃતો તેમજ વ્યક્તિ અને સમાજ**—આ ગ્રંથ ગોધા જૈન સીરીઝના ત્રીજા મણકા તરીકે પ્રસિદ્ધ થયો છે. લેખક શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલે, નવકાર મહામંત્ર પર જે નિબંધ લખેલ તે આ ગ્રંથમાં પ્રકાશિત કરેલ છે. સાથોસાથ પોતાનો લખેલ વ્યક્તિ અને સમાજ નામનો લેખ તેમજ સંગ્રહિત વચનામૃતો આપી ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરેલ છે. નવકાર મંત્રના નિબંધ સંબંધી લેખકે સારો પ્રયાસ કરીને વિષયને સારી રીતે છણ્યો છે. લેખકનું કાર્ય અનુમોદનીય છે. મૂલ્ય રૂા. એક. પ્રાપ્તિસ્થાન ૪૨૦ માણેકવાડી—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

[ સં. ૨૦૦૮ : : પુ. ૬૮ મું. ]

કાર્તિકથી આસો સુધીની

## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વીર-માર્ગ | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૧ |
| ૨ | "જૈન ધર્મ પ્રકાશ"ની દીવાળી | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨ |
| ૩ | અભિનંદનાત્મક "પ્રકાશ" ની ભાવોર્મિ | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી') | ૪ |
| ૪ | અયોગ-વ્યવચ્છેદદ્વાત્રિંશિકા | | |
| | પદ્ય-ગદ્યાનુવાદ | ( પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ) | ૧૦ |
| | ,, | ,, ,, | ૫૪ |
| | ,, | ,, ,, | ૮૬ |
| | ,, | ,, ,, | ૧૩૪ |
| ૫ | **श्री कर्हैटक पार्श्वनाथ स्तोत्रम्** | ( સંપા. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ) | ૨૫ |
| ૬ | પ્રવાસ ક્યારે પૂરો થશે ? | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨૬ |
| ૭ | વિરહિણી | ( શ્રી પન્નાલાલ જ. મસાલીયા ) | ૩૫ |
| ૮ | **वंदना** | ( રાજમલ ભંડારી ) | ૫૧ |
| ૯ | શ્રી આનંદઘનજીકૃત સજ્ઝાય | ( સંપા. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ) | ૫૨ |
| ૧૦ | શ્રી સિદ્ધાચળ તીર્થનું સ્તવન | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૫૩ |
| ૧૧ | જિન ગુણ ગાવોને | ( શ્રી પન્નાલાલ જ. મસાલીયા ) | ૫૬ |
| ૧૨ | **मरुदेवी-मोहविलसित** | ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) | ૮૩ |
| ૧૩ | વીરમંગલ ગીત | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૧૦૭ |
| ૧૪ | **वीरवन्दन** | (શ્રી રાજમલ ભંડારી) | ૧૦૮ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૧૫ શ્રી મહાવીર જિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૧૧૦ |
| ૧૬ સંયમ | ( મુનિશ્રી ભાસ્કરવિજયજી ) | ૧૩૧ |
| ૧૭ ભો લક્ષ્મી ! | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ' ) | ૧૩૨ |
| ૧૮ પ્રભાવના અને ભાવના | ( સંપા. હેમચંદ્ર ન્યાલચંદ વોરા ) | ૧૩૩ |
| ૧૯ સુપાર્શ્વજિન સ્તવન | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૧૫૫ |
| ૨૦ ઉદયાસ્ત-બોધ | (શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ') | ૧૫૬ |
| ૨૧ સહજ-સમાધિ | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી') | ૧૫૭ |
| ૨૨ શ્રી ઋષભદેવ સ્તવન | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ' ) | ૧૭૯ |
| ૨૩ શ્રી જીવરાજ-પ્રશસ્તિ | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર' ) | ૨૦૩ |
| ૨૪ जीवराज-श्रद्धाञ्जलि | ( શ્રી રાજમલ ભંડારી ) | ૨૦૪ |
| ૨૫ ક્ષમાપના | ( મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી ) | ૨૨૭ |
| ૨૬ મને લાગે છે | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ') | ૨૨૮ |
| ૨૭ आत्मचिन्तन | ( શ્રી રાજમલ ભંડારી ) | ૨૨૮ |
| ૨૮ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૨૫૧ |
| ૨૯ શ્રી નવપદ-ભક્તિસુધા | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૫૨ |
| ૩૦ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન | ( મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી ) | ૨૫૩ |


## ૨. ગદ્ય વિભાગ


| | | |
|---|---|---|
| ૧ વ્યતીત વર્ષ અને નૂતન વર્ષ | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૬ |
| ૨ વિચારકર્ણિકા: ૩ | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૧૨ |
| ,, ૩ | ,, | ૬૫ |
| ૩ પરમાત્માની દીવાળી | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૪ |
| ૪ સાહિત્યવાડીનાં કુસુમો: ક્ષપકશ્રેણીનો મુસાફર: ૪ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૭ |
| ૫ સમાધિ-સોપાન | ( સં૦ શ્રી વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૨૨, ૩૩ |
| ૬ ચિંતન | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૨૭ |
| ૭ સ્વાતિ-બિન્દુ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૨૮, ૭૧ |
| ૮ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિની જીવનરેખા | (હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૩૬, ૬૧, ૯૪ |
| ૯ ધ્યાનની મૌલિકતા | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૫૭ |
| ૧૦ શું એ હાર ટોડલો ગળી ગયો ? સતી દમયંતીનો જીવનપ્રસંગ: ૭, ૮, ૯, | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ સાહિત્યપ્રેમી) | ૬૬, ૧૬૬, ૨૪૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૧ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૭૬, ૯૭, ૧૭૩, ૨૩૮

૧૨ जैन योगिराज आनंदघनजी के दो महत्त्वपूर्ण उल्लेख ( અગરચંદજી નાહટા ) ૮૦

૧૩ માછીનો નિયમ (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૮૯, ૧૪૦

૧૪ યોગિરાજ આનંદઘનજી (શ્રી રાજપાલ મગનલાલ વહોરા ) ૧૦૦

૧૫ વણિકની ચોરાશી જાતિઓ (સં. મોહનલાલ ગિરધરલાલ ભોજક ) ૧૦૨

૧૬ સંસ્કૃતિનો અંત (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૧૦૯

૧૭ શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર (પં. શ્રી ધુરન્ધરવિજયજી ) ૧૧૧

૧૮ શ્રી મહાવીર જીવનઃ-સ્વરૂપ વિવેચન (શ્રી મગનલાલ મોતીચંદ "સાહિત્યપ્રેમી") ૧૧૪

૧૯ ચમત્કારમય મહાવીર જીવન (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૨૦

૨૦ ભગવંત મહાવીરની ભાવના (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૨૩

૨૧ વીર સ્મરણ અને આપણું કર્તવ્ય (શ્રી મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) ૧૨૬

૨૨ તક (શ્રી કાંતિલાલ જગજીવન દોશી ) ૧૨૮

૨૩ આનંદીવૃત્તિ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર ) ૧૩૭

૨૪ ધાર્મિક તપશ્ચર્યાઃ અક્ષયતૃતીયા (શ્રી મોહનલાલ મોતીચંદ શાહ સાહિત્યપ્રેમી) ૧૪૪

૨૫ ગુજરાતી પદ્યાત્મક દાર્શનિક કૃતિઓ (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૧૪૭

૨૬ વૃદ્ધત્વમીમાંસા (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૧૫૮

૨૭ મનોભૂમિકાનાં આંદોલનો (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૬૩

૨૮ વ્યવહાર-કૌશલ્યઃ ૨ (૩૦૩-૩૦૪) (સ્વ૦ મૌક્તિક ) ૧૭૧

" " ૨ (૩૦૫-૩૦૬) ( " ) ૧૯૯

" " ૧ (૩૦૭) ( " ) ૨૫૦

" " ૧ (૩૦૮) ( " ) ૨૬૮

૨૯ ધર્મનું ધ્યેયઃ જીવનની સર્વાંગી શુદ્ધિ (શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી ) ૧૭૯

૩૦ ઐક્યની ભૂમિકા ઊભી કરો (શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા ) ૧૯૨

૩૧ કોન્ફરંસના ઓગણીસમા અધિવેશનના ઠરાવો ૧૯૫

૩૨ સ્વર્ગસ્થ સુરબ્બીશ્રી જીવરાજભાઇ (શ્રી દીપચંદ જીવણલાલ શાહ ) ૨૦૫

૩૩ જ્ઞાનોપાસક, તત્ત્વચિંતક સ્વ. શ્રી જીવરાજભાઇ (શ્રી ચતુર્ભુજ જેચંદ શાહ ) ૨૦૭

૩૪ "પ્રકાશ"ને પ્રકાશિત કરનાર તારક અસ્ત થયો (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૧૧

૩૫ શ્રીમાન જીવરાજભાઇ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૨૧૨

૩૬ સ્વર્ગસ્થ શ્રી જીવરાજભાઇનો અક્ષરદેહ (શ્રી મગનલાલ મોતીચંદ શાહ "સાહિત્યપ્રેમી") ૨૧૪

૩૭ સૌજન્યમૂર્તિ જીવરાજભાઈ (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) ૨૧૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૩૮ સ્વર્ગસ્થ શ્રી જીવરાજભાઈ | ( શ્રી રાજપાળ મગનલાલ વહોરા ) | ૨૨૦ |
| ૩૯ સ્વ. શ્રી જીવરાજભાઇ ઓઘવજી દોશી | ( શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા ) | ૨૨૧ |
| ૪૦ સ્વ. શ્રી જીવરાજભાઇ | ( " જૈન " ) | ૨૨૨ |
| ૪૧ અકારણ કર્મબંધન | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર" ) | ૨૨૯ |
| ૪૨ ગૃહલક્ષ્મી—ધર્મનિષ્ઠા | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૨૩૨, ૨૫૭ |
| ૪૩ પુણ્ય-પાપનો વિશ્વાસ | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૨૩૭ |
| ૪૪ ભેદ-જ્ઞાન | ( શ્રી વલ્લભદાસ નેણશીભાઇ ) | ૨૪૭ |
| ૪૫ અનુકંપા | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૫૪ |
| ૪૬ પરમાત્મ દર્શનની કલા | ( શ્રી વસંતલાલ કાંતિલાલ B. A. ) | ૨૬૧ |
| ૪૭ ઉત્કૃષ્ટતાનાં ઉદાહરણો | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૨૬૨ |


## ૩. પ્રકીર્ણ


| | |
|---|---|
| ૧ સભાસમાચાર | કા. ટા. પે. ૩ |
| ૨ સભાની કાર્યવાહીનો આઠ વર્ષનો સંક્ષિપ્ત રિપોર્ટ | ૪૧ |
| ૩ ભાવનગર પાંજરાપોળનો ફાળો | માગશરનો અંક |
| ૪ પ્રકીર્ણ | „ „ પે. ૩, ૧૫૩ |
| ૫ પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધ ટીકા અવલોકન | ૧૦૩ |
| ૬ પુસ્તકોની પહોંચ | ૧૦૬, ૨૦૧, ૨૬૯ |
| ૭ છોંતેરમા વર્ષની શુભેચ્છાઓ | ૧૨૯ |
| ૮ શેઠશ્રી કસ્તુરભાઇના મનનીય વિચારો | ૧૭૮ |
| ૯ શ્રી જીવંરાજભાઇને નિવાપાંજલિઓ | ૨૨૩ |
| ૧૦ સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહ | ૨૪૯ |
| ૧૧ વાર્ષિક અનુક્રમણિકા | ૨૭૧ |


**પેટા વિષય ગણતાં કુલ લેખ. ૧૦૭**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## શ્રી નવપદજીની પૂજા

પંન્યાસશ્રી પદ્મવિજયજી મહારાજકૃત શ્રી નવપદજીની પૂજા-અર્થસહિત. સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઇએ તૈયાર કરેલ અર્થની સાથે આ પૂજા ભણાવવાથી પૂજાનો સાચો ભાવ સમજવામાં વિશેષ સરલતા થાય છે. સાથે પં. શ્રી રૂપવિજયજીકૃત પંચજ્ઞાનની પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે. અઠ્યાસી પેજની આ પુસ્તિકાનું મૂલ્ય માત્ર ચાર આના, પોસ્ટેજ અલગ. લખો : શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## શારદાપૂજનવિધિ

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન કરવા માટે શારદાપૂજનવિધિ અવશ્ય મગાવો. આ પુસ્તિકામાં સરસ્વતી દેવીના સ્તોત્રો અર્થ સાથે આપવામાં આવ્યા છે, તેમજ અષ્ટપ્રકારી પૂજાની રીત અને વહીપૂજન કરવાની પદ્ધતિ દર્શાવી, માંગલિક પણ આપવામાં આવ્યું છે. મૂલ્ય માત્ર એક આનો. લખો : શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

તાજેતરમાં જ બહાર પડ્યું છે

## પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા

કર્તા. ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

મુમુક્ષુઓને માટે આ પુસ્તક સારું માર્ગદર્શક છે. એક સો શિક્ષાપાઠો આપી તેમાં વિવિધ વિષયો તેમ જ ગુણોનું સુંદર આલેખન કર્યું છે. છેલ્લે હિતાર્થી પ્રશ્નોત્તરો આપી સામાન્ય વાચક પણ સમજી શકે તેવી શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. વાંચવા યોગ્ય છે. ક્રાઉન સોળ પેજી ૪૦૦ પૃષ્ઠ, પાકું હોલ ક્લૉથ બાઈંડીંગ, મૂલ્ય રૂપિયા અઢી, પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઈની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાતુર્માસમાં વાંચવા યોગ્ય ધાર્મિક પુસ્તકો.

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૧ ( પ્રસ્તાવ ૧-૨-૩ ) | ૩-૦-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૨ ( પ્રસ્તાવ ૪-૫ ) | ૩-૦-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૩ ( પ્રસ્તાવ ૬-૭-૮ ) | ૩-૮-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૪ ( કર્તા સિદ્ધર્ષિનું જીવનચરિત્ર ) | ૩-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ | ૨-૮-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૩ | ૨-૦-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ ( છઠ્ઠી આવૃત્તિ ) | ૬-૦-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૩ થી ૬ | ૩-૪-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮-૯ | ૩-૦-૦ |
| શ્રી આનંદઘન ચોવીશી-સાર્થ | ૧-૧૨-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૨-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૮ | ૧-૧-૦ |
| દાનધર્મ, પંચાચાર | ૧-૦-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય ભાષાંતર | ૦-૧૨-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા ( મો. દી. ચોકસી ) | ૨-૦-૦ |
| નવસ્મરણ ( ગુજરાતી ) | ૦-૧૨-૦ |
| સાદા ને સરલ પ્રશ્નોત્તર ભા. ૨ | ૦-૫-૦ |
| ,, ,, ભા. ૩ | ૦-૫-૦ |
| ,, ,, ભા. ૪ | ૦-૫-૦ |

| | |
|---|---|
| ભુવનભાનુ કેવળી ચરિત્ર | ૦-૮-૦ |
| યુગાદિ દેશના ભાષાંતર | ૦-૧૨-૦ |
| વ્યવહાર કૌશલ્ય ભાગ ૨ જો | ૦-૩-૦ |
| વૈરાગ્યશતક-સવિવેચન સહિત | ૧-૪-૦ |
| ,, ,, ( નાનું ) | ૧-૦-૦ |
| નિહ્નવવાદ | ૩-૦-૦ |
| શ્રી તત્વાર્થ સૂત્ર-સવિવેચન | ૩-૦-૦ |
| અખાત્રીજનો મહિમા ( કથા ) | ૦-૧૨-૦ |
| જયવિજય ( કથા ) | ૦-૮-૦ |
| વરદત્ત અને ગુણમંજરી (કથા) | ૦-૮-૦ |
| વિક્રમાદિત્ય ( કથા ) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ | ૦-૪-૦ |
| મૌન એકાદશીનો મહિમા | ૦-૬-૦ |
| પોષ દશમીનો પ્રભાવ | ૦-૮-૦ |
| ભગવાન શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણ | ૨-૦-૦ |
| સિદ્ધચક્ર આરાધન વિધિ વિસ્તૃત | ૨-૮-૦ |
| સિદ્ધચક્ર સ્વરૂપદર્શન | ૦-૮-૦ |
| અર્હત્પ્રાર્થના | ૦-૪-૦ |
| શ્રી ઉપદેશપ્રાસાદ ( હિંદી ) | ૩-૦-૦ |
| સૌરભ | ૧-૧૨-૦ |
| શ્રી સીમંધર શોભાતરંગ | ૨-૦-૦ |
| પાંચ પુષ્પો | ૩-૨-૦ |
| સમ્રાટ્ વિક્રમાદિત્ય ( હિંદી ) | ૫-૦-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૨ જો | ૩-૮-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૩ જો | ૩-૮-૦ |
| જૈન ગુર્જર કવિઓ ભાગ ૧ લો | ૨-૦-૦ |
| જૈન પ્રાચીન સાહિત્ય સંગ્રહ ભા. ૧ | ૩-૮-૦ |
| ,, ,, ભા. ૨ | ૩-૮-૦ |
| જંબૂસ્વામી રાસ | ૦-૮-૦ |

For Private And Personal Use Only